Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 9, Issue: 120, April, 2023
Paper ID: RRJ327997
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-9-issue-120-april-2023/RRJ327997

# મૂલ્ય શિક્ષણના વિકાસમાં શિક્ષકની ભૂમિકા

**પારેખ અર્ચના પ્રતાપરાય**

**રીસર્ચ સ્કોલર**

**સારાંશ**

પ્રાચીન ભારતીય શિક્ષણ મૂલ્ય આધારિત હતું પ્રવર્તમાન સમયમાં શિક્ષણનું વ્યવસાયિકરણ થયું છે ત્યારે જ્ઞાનલક્ષી શિક્ષણ પર ભાર મૂકવામાં આવતો નથી આવું શિક્ષણ વ્યક્તિના એક તરફના વિકાસ તરફ દોરી જાય છે, અને તે આપણી મહાન પરંપરા ના ધાર્મિક નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોને પાછળ ધકેલી દે છે, ભારત વિશ્વ ગુરુ બનવા જઈ રહ્યું છે ત્યારે પ્રવર્તમાન શિક્ષણમાં મૂલ્ય શિક્ષણનો વિકાસ કરવો અત્યંત આવશ્યક છે.

## પ્રાસ્તાવિક

આધુનિક ભારતીય શિક્ષણ પ્રણાલીમાં મૂલ્ય ક્ષણની તાતી જરૂરિયાત છે તે માટે આપણી શાળાઓમાં મૂલ્યલક્ષી શિક્ષણને પ્રોત્સાહન આપવું અત્યંત આવશ્યક છે આર્થિક અને ભૌતિક સુવિધા ની દોડ તેમજ હરીફાઈના આ યુગમાં માનવીની જીવનશૈલી બદલાવા લાગી છે અપ્રામાણિકતા ભ્રષ્ટાચાર છેતરપિંડી શોષણ જેવા દૂષણ સામાજિક બન્યા છે શાંતિ, પછી તે ભૌતિક હોય કે માનસિક આજે વણાઈ ચૂકી છે મૂલ્યોનું જીવનમાંથી હ્રાસ થતો જોવા મળે છે ત્યારે ભાવિ પેઢી તેનો ભોગ બની રહી છે શું શિક્ષણના માધ્યમથી ભાવિ પેઢીને બચાવી શકાય ખરા. આ પ્રશ્નના શક્ય ઉતરો પૈકીનો એક ઉત્તર છે શિક્ષણ દ્વારા મૂલ્યનું ઘડતર થઈ શકે.

## અભ્યાસના હેતુઓ

- મૂલ્ય શિક્ષણના જ્ઞાનાત્મક પાસાઓ વિશે માહિતી મેળવવી.
- મૂલ્ય શિક્ષણ વિકસાવવાના અભિગમો જાણવા.
- મૂલ્ય શિક્ષણના વિકાસમાં ઉપયોગમાં આવતા માધ્યમોનો પરિચય મેળવવો

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 9, Issue: 120, April, 2023
Paper ID: RRJ327997
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-9-issue-120-april-2023/RRJ327997

- મૂલ્ય શિક્ષણ આપવામાં શિક્ષકની ભૂમિકા.

**મૂલ્ય શિક્ષણનો અર્થ**

વિશ્વકોષમાં મૂલ્ય ની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે વસ્તુ વ્યક્તિ કે સમષ્ટિની હસ્તીમાં એના વિકાસ વિસ્તાર પરિવર્તનના મૂળમાં રહીને ધારક અને પ્રભાવક બળ રૂપે કામ કરતું અંત: તત્વ પર નિર્ભર સત્વશિલતાનું ધોતક એવું પરિબળ છે. શબ્દકોશમાં આપેલ અર્થ જોઈએ તો મૂલ્ય એટલે કશું ઉપયોગી ગુણવત્તા વાળું મેળવવા યોગ્ય કે મેળવી શકાય તેવું એવો થાય છે.

મૂલ્યોનું વર્ગીકરણ ભારતના બંધારણ ચાર (એ)ની કલમ નંબર 51 માં જન્મ સિદ્ધ ફરજો અન્વયે નીતિવિષયક નિવેદનો લઈ શ્રી સત્ય પ્રકાશ બાલ ટ્રસ્ટ પ્રશાંત નિલયમ આંધ્ર 1985 દ્વારા પાંચ મૂળભૂત મૂલ્યો જાહેર કરવામાં આવ્યા છે

૧ સત્ય

૨ સદાચરણ

૩ શાંતિ

૪ પ્રેમ

૫ અહિંસા

જોષી 1998 મૂલ્ય શિક્ષણ પુસ્તકમાં **મૂલ્ય શિક્ષણના વિવિધ અભિગમો** દર્શાવ્યા છે જે આ પ્રમાણે છે.

૧ અનૌપચારિક મૂલ્ય શિક્ષણ અભિગમ

૨ ઔપચારિક મૂલ્ય શિક્ષણ અભિગમ

૩ ઔપચારિક અને અનૌપચારિક સંકલિત પ્રયુક્તિ અભિગમ

૪ મૂલ્ય શિક્ષણ માટેના હેતુ કેન્દ્રિત પાઠ આયોજન

**મૂલ્ય શિક્ષણના માધ્યમો**

પાઠ્યપુસ્તક ઈતર પુસ્તકો સામાયિકો વર્તમાનપત્રો ટેલિવિઝન કાર્યક્રમ પ્રાર્થના સભા સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ સ્વાધ્યાય તજજ્ઞ વ્યાખ્યાનો અને વ્યક્તિ વિશેષો ચર્ચા સભા સૈનિક સંસ્થાઓ આમ શિક્ષણ દ્વારા મૂલ્યનો નિર્દેશ કરી શકાય છે જેના માટે વિવિધ અભિગમો દ્વારા મૂલ્ય શિક્ષણ આપી શકાય છે.

શૈક્ષણિક સંસ્થાઓમાં જુદા જુદા માધ્યમો અને અભિગમોનું ઉપયોગ કરી મૂલ્ય શિક્ષણ આપવામાં આવે છે તેમાં શિક્ષકનું સ્થાન મહત્વપૂર્ણ છે.

**મૂલ્ય શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા**

આજે આપણે ઘણી બધી વૈશ્વિક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છીએ જેવી કે આંતકવાદ, ગરીબી,વસ્તી વધારો પ્રદૂષણ વગેરે આ સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે શિક્ષણમાં મૂલ્ય શિક્ષણનો ઉમેરો કરવો જોઈએ અભ્યાસ ક્રમમાં મૂલ્યનો સમાવેશ કરવો જોઈએ જેથી વર્ગખંડમાં અધ્યાપન અને શીખવાની પ્રક્રિયા દરમિયાન બાળકોને મૂલ્યન શિક્ષણ આપી શકાય.

- શિક્ષકે મૂલ્યનું શિક્ષણ આચરણ અને અનુભવ દ્વારા આપવું જોઈએ.
- વિજ્ઞાન અને ટેકનોલોજી ના ઉદભવે આપણા જીવનની આધ્યાત્મિક બાજુ ને નષ્ટ કરી છે અને આપણા હૃદયમાં નોંધપાત્ર વિચારો ધરાવતી સંવેદનાઓને પણ છીનવી લીધી છે ત્યારે બાળકોને તેના તરફ પાછા વાળવા માટે મૂલ્ય શિક્ષણ જરૂરી છે
- શિક્ષકે જીવનના ઘડતર માટે જીવનના આદર્શો અને દેશની સામાજિક નીતિઓ વિશે જાણકારી આપવી જોઈએ.
- શિક્ષકે બાળકોમાં મૂલ્યનો વિકાસ થાય તે માટે પ્રેરણા પૂરી પાડવી જોઈએ

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 9, Issue: 120, April, 2023
Paper ID: RRJ327997
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-9-issue-120-april-2023/RRJ327997

- શિક્ષકે જ્ઞાન અને નૈતિક મૂલ્યોનો વિકાસ કરવો જોઈએ અને સાથે શિક્ષકો અને શિક્ષક શિક્ષકો વચ્ચે ભાઈચારો પેદા કરી તેવું તેવું શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવું જોઈએ
- વ્યક્તિગત શીખવી શકાતા નથી તેથી શિક્ષકે એવા અનુભવો અને પરિસ્થિતિ તેઓ ઊભી કરવી જોઈએ કે જેથી બાળકો અવલોકન અને અનુભવ દ્વારા શીખી શકે.
- શિક્ષકે એવા મૂલ્યોને ધ્યાનમાં લેવા જોઈએ કે જે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ ધરાવતા હોય અને આ મૂલ્યોનો ઉપયોગ અભ્યાસક્રમ અને પદ્ધતિઓ તૈયાર કરવામાં કરવો જોઈએ.
- હાલમાં વિશ્વાસ સાથી ભાવના વફાદારી પરસ્પર મદદ બલિદાન કાયદાનું પાલન ભૌતિકવાદના ભાર હેઠળ ઝડપથી તૂટી રહી છે ત્યારે મૂલ્ય શિક્ષણ આપવું જોઈએ.
- શિક્ષકને જ્ઞાનના સ્રોત અને મહાન આદર્શના સ્રોત તરીકે ગણવામાં આવે છે તે સમાજ માટે મિસાલ રૂપ છે તેથી જો શિક્ષકમાં મૂલ્યની ઊંડી સમજ હોય અને જીવનના ઉચ્ચ હેતુમાં વિશ્વાસ હોય તો તે પોતાના બહુમુખી વ્યક્તિત્વ દ્વારા ભાવિ પેઢીને માર્ગદર્શન આપી શકે.
- નૈતિક મૂલ્યો વાર્તાઓ અને ચિત્રો દ્વારા સમજાવી શકાય તાસ દરમ્યાન સારી વાર્તાઓની રજૂઆત કરવી કવિતા નવલકથા અને વાર્તાઓ દ્વારા આપણે વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યો કેળવી શકીએ
- મૂલ્ય આધારિત શિક્ષણ એ સૌથી વધુ અસરકારક હોય છે જ્યારે શિક્ષક એક આદર્શ તરીકેની ભૂમિકા ભજવે છે.
- શિક્ષકે વારસો જાતીયતા વૈવાહિકસ્થિતિ રાજકીય અથવા ધાર્મિક માન્યતાઓ કૌટુંબિક સામાજિક અથવા સાંસ્કૃતિક સામાજિક આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને ન્યાય અને પૂર્વગ્રહ વિના આચરણ કરવું જોઈએ.
- શિક્ષકે અધ્યયન બાદ તંદુરસ્ત ચર્ચાને પ્રોત્સાહન આપવું જોઈએ અને ઊંડાણપૂર્વક મૂલ્યની સમજ વિકસાવવા માટેના પ્રયત્નો કરવા જોઈએ
- પ્રેમ અને કાળજીથી બાળકમાં સકારાત્મક મૂલ્યો વિકસાવવા પ્રયત્ન કરવા જોઈએ

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 9, Issue: 120, April, 2023
Paper ID: RRJ327997
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-9-issue-120-april-2023/RRJ327997

## નિષ્કર્ષ

મૂલ્યના વિકાસમાં શિક્ષકની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. મૂલ્યશિક્ષાને ઈચ્છા પ્રતિબધ્ધત પરિવર્તન અને પરિવર્તનની આશા સાથે અનુસરવાની જરૂર છે મૂલ્ય વિના આપણે વિશ્વમાં શાંતિપૂર્ણ રીતે ટકી શકતા નથી અને જીવનનો આનંદ માણી શકતા નથી આ માટે મૂલ્યના વિકાસ પર ભાર આપવો જોઈએ.

## સંદર્ભસૂચિ

### પુસ્તકો

ભગવતસિંહજી ( ૧૯૮૬ ), ભગવદગોમંડલ. રાજકોટ : પ્રવિણ પ્રકારાન

જોષી, ડી.એચ. ( ૨૦૦૪ ), મૂલ્યોનું શિક્ષણ. રાજકોટ : મનોરમા પ્રકાશન

જોપી, એચ.ઓ. ( ૧૯૯૮ ). મૂલ્ય શિક્ષણ, રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, બોડ, ગુજરાત રાજય .

રામાનુજ, બી.બી. ( ૨૦૦૪ ), માધ્યમિક કક્ષાએ વિવિધ વિષયોના અધ્યાપન દ્વારા મૂલ્ય શિક્ષણ.

### અપ્રકાશિત સાહિત્ય

ભટ્ટ પી.ડી. (૨૦૧૧), સ્વામી સચ્ચિદાનંદજીના પુસ્તક વિદેશયાત્રાના પ્રેરક પ્રસંગોમાંથી નિષ્પન્ન થતા મૂલ્યો લઘુશોધનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 9, Issue: 120, April, 2023
Paper ID: RRJ327997
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-9-issue-120-april-2023/RRJ327997